# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

**<u>પ્રેસ નોટ</u>**

<u>કામધેનુ યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની સૂચના</u>

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તેમની અખબાર યાદીમાં જણાવે છે કે, યુનિવર્સિટી અંતર્ગત ચલાવવામાં આવતા ધોરણ-૧૨ પછીના ગ્રુપ-એ તથા ગ્રુપ-બી માટેના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા રાજ્યના તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે, સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે વર્ષ ૨૦૨૧ દરમ્યાન લેવાનાર GUJCETની પરીક્ષા આપવી ફરજીયાત છે.

કામધેનુ યુનિવર્સિટીના ગ્રુપ-એના B.Tech. (DT) તથા ગ્રુપ-બીના (B.F.Sc.) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની મેરીટ યાદી GUJCETના ૪૦% અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં PHYSICS, CHEMISTRY અને BIOLOGY/MATHS વિષયની ફક્ત થીયરીમાં મેળવેલ કુલ ગુણના ૬૦%ના આધારે તૈયાર કરી તે મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે તેમજ ફક્ત ગ્રુપ-બીના (B.V.Sc. & A.H.) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં લાયકાત માટે PHYSICS, CHEMISTRY, BIOLOGY અને ENGLISHમાં જનરલ કેટેગરી માટે ૫૦% માર્ક્સ (૪૦૦ માંથી ૨૦૦) અને અનામત (SEBC, SC અને ST) કેટેગરી માટે ૪૭.૫૦% માર્ક્સ (૪૦૦ માંથી ૧૯૦) (ગ્રેસીંગ માર્ક્સ સિવાય) હોવા જરૂરી છે અને પ્રવેશ માટેની મેરીટ યાદી GUJCETમાં મેળવેલ માર્કસના આધારે તૈયાર કરી તે મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ મેળવી પ્રવેશ આપવામાં આવશે. જેની જાહેરાત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામ જાહેર થયા બાદ કરવામાં આવશે. જે અંગે સબંધીત વિદ્યાર્થીઓ-વાલીઓએ નોંધ લેવા વિનંતી.